

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*એકલ અભિમન્યુ કુરુક્ષેત્રે લડે તો છે,*
*રાહુલ બાબા સુરક્ષા ગાર્ડ વિના ફરે તો છે.*
*તરે છે તોફાની સમુદ્ર સાવ સાદગીથી -*
*માપમાં રહી ને 'સાચા વાયદા' કરે તો છે !!*

હાઈકુ

*ઉપસી રહ્યા,*
*પ્રજાવત્સલ બની -*
*નિર્ભય નેતા...*
(રાહુલ, જનતા વચ્ચે)

*'કિસાન દેશ'*
*વરણાંગી કરતાં*
*સાદગી સારી...*
(અભિનેતા નહીં નેતાની જરૂર)

### ચિંતન

*ચલં ચિતં ચલં વિતં ચલે જીવિત યૌવને ।*
*અલાયમમિદં સધં ધર્મ એકો હિ નિશ્ચલ ॥*

**ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિત સંગ્રહમાંથી લેવાયેલ છે.**

**ચિત્ત અસ્થિર છે, ધન અસ્થિર છે, આયુષ્ય અને યૌવન પણ અસ્થિર છે, આ આખું જગત કંઈક સ્થિર દેખાતું હોવા છતાં અસ્થિર જ છે. એમાં એક ધર્મ જ સંપૂર્ણ અવિચળ સ્વરૂપવાળો છે.**

**ધન, સંપત્તિ, સંબંધો, શરીર યૌવન મનની વૃત્તિઓ બધું જ અસ્થિર અને નાશવંત છે આમ છતાં આપણો તે બધાંની તરફનો રાગ-મોહ જતો નથી.**

**સત્ય-ધર્મ જ અવિચલ છે.**

**તેનું ચૂસ્તપણે પાલન-આચરણ કરવું.**

### સુવિચાર

- ખોટું કામ કરનારને ફળ પણ તેવું થાય, બાવળ વાવી બારણે, કેરી કેમ ખવાય - **દોહો**
- જે ન કરવા જેવું છે, તે આપણને દુર્જનો જ શીખવે છે - **સંત રોબિન**
- સોગંધ એ સુગંધ યુક્ત જૂઠાણું છે - **શાહબુદ્દીન રાઠોડ**
- તકની બારી ખૂલી જાય ત્યારે એના પર પડદો નાખવો નહિ - **સ્ટીફન કોવી**
- કૂવામાં પડવું હોય તો દોરડાની જરૂર પડતી નથી, કૂવામાં ઉતરવું હોય તો જ દોરડાની જરૂર પડે છે- **ગુણવંત શાહ**
- જે થવું જોઈએ અને જે થઈ રહ્યું છે એ બેમાં તફાવત દેખાય એટલે એ કહેવાય સમસ્યા - **બી.એન. દસ્તૂર**
- આજનું ઔષધ : કૂતરું કરડે તો તેના ઘા ઉપર તપકીર દબાવી દેવી

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

ફિયોડોર દોસ્તો વીસ્કી રશિયાના મહાન સાહિત્યકાર. માબાપ વગરના અનાથ વાઈના દર્દમાં ડાબી આંખ કામ કરતી બંધ થઈ ગઈ. મિલીટ્રીમાં જોડાયા પણ થયું કે આપણને બંદૂક નહીં ફાવે મિલટ્રીની નોકરી છોડી તો એવો આક્ષેપ થયો કે જાસૂસી કરતા હતા. ગંભીર આરોપ માટે એમને મૃત્યુદંડની સજા થઈ. પણજેલમાં એમના લેખનની શૈલી અને એમની ગંભીરતા જોઈ એ સજા દસ વર્ષની સામાન્ય કેદની સજા થઈ. પણ એ સજા અતિ ઠંડા પ્રદેશ સાઈબીરીયામાં કાપવાની હતી. સાઈબીરીયામાં પણ અત્યંત વિકટ પરિસ્થિતિમાં પણ એમણે એમનું લેખન કાર્ય જેલવાસ દરમિયાન પણ ચાલુ જ રાખ્યું. એમની સૌથી ઉત્તમ કૃતિ 'ક્રાઈમ એન્ડ પનીશમેંટ' જે એમના જેલના અનુભવો ઉપર લખાયેલી કૃતિ છે. જે આજે પણ રશિયન સાહિત્યમાં માનની નજરે જોવામાં આવે છે.

જયારે તેઓ જેલમાં હતા ત્યારે આસપાસ રહેતા કેદીઓનું બારીકીથી નિરીક્ષણ કરતા. એમની માનસિકતા એમનો ભૂતકાળ તપાસતા પછી લખતા. અત્યંત વિકટ પરિસ્થિતિમાં પણ તેઓ અદ્‌ભૂત સર્જન કરી શક્યા હતા.

# બેઉ બળિયા – સાથે મળિયા

તંત્રીસ્થાનેથી...

આખું જગત જયારે 'અર્થ' મય બની ગયું હોય ત્યારે અમેરિકા જેવી જગતની શ્રેષ્ઠ લોકશાહી અને ચીન જેવો સામ્યવાદી દેશ એકમેકની સાથે નાણાના તાંતણે બંધાય તો એથી કોઈને આશ્ચર્ય ન થવું જોઈએ. અમેરિકાના નવા કર્ણધાર ડોલાન્ડ ટ્રમ્પ પ્રમુખ હોવા કરતાં વધારે વેપારી છે. અઢળક સંપત્તિમાં આળોટતા ધનકુબેરને વૉશિંગ્ટન સ્થિત 'વ્હાઈટ હાઉસ'માં રહેવાનું સપનું આવ્યું અને તે સાકાર થઈ શક્યું એમાં પણ અમેરિકાની કથળતી આરથિક સ્થિતિ કે ગરીબ દેશોને મદદરુપ થઈ મોટા ભા બની રહેવાની માનસિકતા વિરુદ્ધ ખૂબ સ્પષ્ટ શબ્દોમાં વ્યક્ત કરેલો એક વેપારીનો પુણ્ય પ્રકોપ જ જવાબદાર હતો. પોતાના દેશમાં આવીને બહારની પ્રજા સમૃદ્ધ થઈ જાય અને અમેરિકન પ્રજાને જતે દિવસે બહારથી આવેલાઓને ત્યાં નોકરી કરાવાવાળો આવે એ પહેલાં ટ્રમ્પે બહુ જ કડક ભાષામાં મૂળ ગોરી પ્રજાનું સ્વાભિમાન ટપાર્યું અને જગાડ્યું હતું. આઉટ સોર્સિંગ બંધ, એક ઈન ઈન્ડિયા જેવો જ મેડ ઈન અમેરિકાનો અસરકારક પ્રયોગ : આ બધી બાબતોએ ટ્રમ્પ જેવા માથા ફરેલ માનવીને દુનિયાની સર્વોચ્ચ ગણાતી સત્તા સુધી પહોંચાડી દીધા. ટ્રમ્પે ઈસ્લામિક આતંકવાદ પર નિયંત્રણ મેળવવા માટે સાત મુસ્લિમ રાષ્ટ્રો નાગરિકો પર પ્રવેશબંધીનો કોરડો વીંઝી એમની વિશિષ્ટ કાર્યપદ્ધતિનો પરચો પણ બતાવી દીધો હતો. એ વખતે પાકિસ્તાન કરતાં ભારતને ટ્રમ્પ સવિશેષ વિશ્વસનીય ગણશે એવો સધિયારો સાંપડ્યો હતો. ટ્રમ્પે જાહેરમાં કહ્યું પણ ખરું કે અમેરિકા અને ભારત કુદરતી દોસ્ત બની રહેશે. પાકિસ્તાન તરફ કડકાઈ દાખવતા ટ્રમ્પે એમની વર્તમાન યાત્રા દરમિયાન જાપાન અને ચીન સાથે જે મૈત્રીભર્યુ વલણ દાખવ્યું છે તે સૂચક છે. ઉત્તર કોરિયાને કાબૂમાં રાખવા માટે ચીન સાથે મીઠા સંબંધો અનિવાર્ય બની રહે છે. ચીનના સહયોગથી જ અને પાકિસ્તાનમાંથી નિકાસ થયેલ ટેકનોલોજીથી ઉત્તર કોરિયા અણુશક્તિ ધરાવતો દેશ બની શક્યો છે, તે રહસ્ય અમેરિકન રાષ્ટ્ર પ્રમુખથી અજાણ્યું થોડું હોય ? સત્તાના સર્વોચ્ચ સ્થાને કોઈ પણ લોકપ્રિય રાજનેતા હોય પણ અમેરિકાની ઈમેજને આંચ ન આવે એવું જાસૂસી તંત્ર અને વહીવટીતંત્ર પહેલાંથી ગોઠવાયેલું જ છે. આથી ટ્રમ્પ સામે શરુઆતમાં જે ઊહાપોહ હતો તે પણ ચાના કપમાં તોફાન જેવો જ સાબિત થયો છે. ચીન તો અમેરિકાને પડકારતો રહેલો દુનિયાનો સૌથી વધારે વસતિ ધરાવતો દેશ છે. રશિયા કયારેક અમેરિકાની સાથે અનેક બાબતોમાં સીધી હરિફાઈમાં હતું. અંતરીક્ષ જેવાં ક્ષેત્રોમાં એને પોતાની લગોલગ વિકસતું જોઈ અમેરિકાએ એના ટુકડા કરાવી નાખ્યા અને સાવ ભિખારી બનાવી દીધું. ચીનને એ સ્ટાઈલમાં તોડીફોડી શકવાની ક્ષમતા અમેરિકા પાસે નથી. એથી એની સાથે વ્યૂહરચના ઘડાઈ હોય એમ લાગે છે. ચીનને પણ પોતાનું અર્થકારણ વિકસાવવું છે. અમેરિકા સાથે સંબંધો બગાડીને એના વેપારને મોટો ફટકો પડે એમ છે. વળી અમેરિકા ભારત અને જાપાન જેવા દેશો સાથે વધારે નજીક આવે તો ચીન ઘેરાઈ જાય એ છે. આથી અત્યાર લગી ફૂંફાડા મારતું ડ્રેગન પણ લુચ્ચા શિયાળની માફક અમેરિકા સાથે વેપાર વાણિજ્ય વધારી મૈત્રીનાં મહોરાં પહેરવા તૈયાર થયું છે. ટ્રમ્પ અને શી જિનપિંગ- બેઉ આંતરરાષ્ટ્રીય નેતાઓ તરીકે હાથ મિલાવી દુનિયાના ઘણા પ્રશ્નો હલ કરી શકે એમ છે. ખુદ ટ્રમ્પે આવું નિવેદન કરી ભારતને આડકતરો સંકેત પણ આપી દીધો છે. કયારેક ચીનના દબાણ હેઠળ ટ્રમ્પ કાશ્મીર મુદ્દે પણ ભારત સામે આંગળી ચીંધી શકે, કારણ કે દુનિયાના બેઉ ઠેકેદારો એક પંગતમાં બેસે તો સ્વાભાવિક રીતે જ એકબીજાની શરમ રાખવી પડે !

# વર્તમાનનું સોશિયલ મીડિયા અને જાણતલ મો.ક. ગાંધીની સૂચનાઓ

**ગાંધીજી વ્યક્તિના નહી વિચારના અનુયાયી બનવા કહેતા**



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

ગુજરાત વિધાનસભાની ચૂંટણી જાહેર થઈ ગઈ છે. આચારસંહિતા અમલી બની છે. આ વખતે પહેલીવહેલી વાર બહુ મોટાપાયે પ્રચાર-પ્રસાર ફેલાવાનું માધ્યમ સોશિયલ મીડિયા બન્યું છે. જે પણ સોશિયલ મીડિયાને ઉપયોગમાં લેતા હોય તેવા મિત્રો માટે પ્રશ્ન એ રહે છે કે છેલ્લા થોડા સમયથી આ પક્ષ કે તે પક્ષની વાત કરતા, સરખામણી કરતાં સંદેશાઓ ચિત્રો અને દશ્યશ્રાવ્ય ક્લિપ્સનો મારો ચાલે છે, એમાં કરવું શું ? દોસ્તો ટેકનોલોજી તો સમયે સમયે આવતી જાય. ગાંધીજીના સમયમાં અત્યારના સમય કરતાં જરા જુદા પ્રકારની ટેકનોલોજી હતી પણ ટેકનોલોજી તો હતી જ. ટેકનલોજી બદલાવનો સર્વ સામાન્ય નિયમ અત્યારના સમયમાં એવો પણ છે કે નવું તરત જ જૂનું થઈ જાય છે. પણ અત્યારના સમયની વાત કરીએ તો ટેકનોલોજીએ બહુ મોટું મંચ લોકોને અભિવ્યક્ત થવાનું પૂરું પાડ્યું છે અને એ પણ ખૂબ જ સરળ અને સહજતાથી. હવે આંગળીના ટેરવે તમારી વાત ઝડપભેર સામેવાળાના સ્ક્રીન પર છવાઈ જાય છે, અને એક સામટાં એકથી વધુને તમે મોકલી શકો છો. અત્યારે ગુજરાતમાં ચૂંટણીનો માહોલ છે એટલે રાજકીય ચર્ચાનો મારો સોશિયલ મીડિયામાં છવાયો છે.

સોશિયલ મીડિયાના માધ્યમે જુદા જુદા વ્યક્તિઓ, ગ્રુપ્સ આ કે તે પક્ષની તરફેણ અને વિરોધ કરતા રહે છે. જેમાં વાદવિવાદ - સંઘર્ષ - ખેંચતાણ બધુ થવાની શક્યતા છે. ગાંધીજી જયારે સ્વાતંત્ર્ય સંગ્રામની લડત ચલાવતા હતા ત્યારે પણ આવી સ્થિતિ આવતી હતી એમ જણાય છે. જયારે વાદ વિવાદની પરિસ્થિતિ આવે ત્યારે કેવી રીતે વર્તવું એની સલાહ ગાંધીજીએ અનુયાયીઓને આપી હતી. ગાંધી હોય એટલે કોઈ પણ મુદ્દે માર્ગદર્શન તો હોય જ. એ સમયે તેમણે તેમની સાથે સંગ્રામમાં જોડાયેલા સત્યાગ્રહીઓને રાજદ્વારી વાદવિવાદમાં ઉતરવું પડે ત્યારે વર્તન કેવી રીતે કરવું એની સૂચનાઓ આપવા એક પત્રલેખકે ગાંધીજીને કહ્યું હતું.

આ મિત્ર એ ગાંધીજીને પત્ર લખીને કુલ ચાર મહત્ત્વના મુદ્દાઓ પર સલાહ માગી હતી :

૧. વિરોધી પ્રજાની નજરમાં હલકો પડે એવી રીતની તેની વગોવણી.
૨. વિરોધીની કઈ જાતની ટીકા કરી શકાય ?
૩. શત્રુતા કેટલી હદ સુધી લઈ જવાય ?

- આમ જોઈએ તો ગાંધી પાસે માર્ગદર્શન માત્ર ચાર મુદ્દે જ માગવામાં આવ્યું હતું. પરંતુ આ ચારેય મુદ્દા આજે પણ એટલાં જ ઉપયુક્ત છે. જયારે જયારે રાજકારણીય વાદ-વિવાદ આવે ત્યારે આ પ્રશ્નો 'લઘુત્તમ સામાન્ય મુદ્દા' તરીકે હંમેશા સ્થાન પામેલા હોય તેવા છે.

સરસ મજાના સવાલ છે.

આ સવાલોનો જવાબ આપતાં ગાંધીજી પત્રના પ્રારંભે જ પહેલી સ્પષ્ટતા કરે છે કે 'હું કોઈને મારા અનુયાયી ગણતો નથી. હું પોતે પોતાનો અનુયાયી થાઉં એટલે બસ છે. મારા અનુયાયી થવાને બદલે જે વસ્તુને જીવનમાં ઉતારવા હું મથી રહ્યો છું તેના અનુયાયી બનશે તો તેઓ જોશે કે સત્ય અને અહિંસામાંથી એના ઉત્તરો મળી રહેશે.'


ગાંધીજીએ સત્ય અને અહિંસાના માધ્યમે પત્ર લેખકે રજૂ કરેલા મુદ્દાઓના પ્રત્યુત્તર આપ્યા હતા. જે મુજબ છે.

(ક) વિરોધીની વગોવણી કરી કરાય જ નહીં. પણ આનો અર્ત એ નથી કે તેનાં કૃત્યોનું સાચું વર્ણન ન થઈ શકે. વિરોધી વિરોધ કરે છે એટલા માટે તે હંમેશા દુર્જન નથી હોતો. આપણે જેટલા આબરૂદાર હોવાનો દાવો કરતા હોઈએ તેટલો જ આબરૂદાર તે પણ હોય, અને છતાં તેની અને આપણી વચ્ચે મહત્ત્વના મતભેદ હોય એમ બને.

(ખ) તેથી આપણી ટીકા તો એ હોય કે જો આપણે તેને જૂઠો માનતા હોઈએ તો તેના અસત્યનો સત્યથી, અવિવેકનો વિવેકથી, દાંડાઈનો શાંત હિંમતથી, હિંસાનો સહનશક્તિથી, અહંકારનો નમ્રતાથી, અપકારનો ભલાઈથી પ્રતિકાર કરવો. 'મારો અનુયાય' નિંદવા નહીં મથે પણ હૃદયલપટો કરાવવા મથશે.

**અનુસંધાન પાના નં. ૫ પર**

# શ્રીમદ રાજચન્દ્ર : સમભાવે ડગ માંડનાર મનિષિ



જાણકારોના મતે અવધાન શકિત એટલે એકજ સમયે અનેક કાર્યો ભૂલ વગર યાદ રાખવા અને ફરી તેજ રીતે અને તેજ ક્રમમાં યાદ કરવાની શકિત. તીવ્ર સ્મરણ શકિતની આ અસાધારણ નીશાની છે. એ સમયમાં શ્રીમદ રાજચન્દ્રના સમકાલીન બે અષ્ટાવધાની લોકો હતા-તેમ નોંધાયું છે. પરંતુ શ્રીમદ આ બાબતમાં તેમના સમકાલિનોથી ઘણાં આગળ હતા. અષ્ટાવધાન નહિં પરંતુ શ્રીમદે તો શતાવધાનનો પ્રયોગ તથા નિદર્શન કર્યા હતા. મુંબઈમાં લોકો આ પ્રયોગોથી ભારે પ્રભાવિત થયા હતા. આ શકિત અસાધારણ હતી છતા પણ શ્રીમદના આભથી ઉંચા વ્યકિતત્વનો આ એક નાનો ભાગ હતો તેમ તેમનું ચરિત્ર જોતા જણાય છે. જેમનીસર્વ પ્રકારની એષણાઓ નાશ પામી હોય તેમને પ્રસિધ્ધિની એષણા કયાંથી રહે? આથી આવા પ્રભાવ પાથરી શકે તેવા વધારે પ્રયોગો કરવાને બદલે શ્રીમદે માનવ માત્રના કલ્યાણ માટે વિચાર કર્યો. તે માટે શરીરને સૂકવી નાખે તેવું ભારે તપ કર્યુ. આ કારણથી સમાજને શ્રીમદ રાજચન્દ્રના વિચારોના અમૃતબીંદુ મળ્યાં. શ્રીમદનું સમગ્ર દર્શન કોઈપણ સામાન્ય માણસને પણ જીવન જીવવાના સાચા માર્ગ તરફ વાળે તેવું છે. લોકોના આગ્રહ છતાં બાહ્ય શકિતઓ અને સિધ્ધિઓ તો અધ્યાત્મ સાધનામાં બાધારૂપ બની શકે એ વાત શ્રીમદ બરાબર સમજતા હતા. આ બાબતમાં શ્રીમદના પોતાના શબ્દો તરફ ધ્યાન આપીએ તો શ્રીમદની પ્રજ્ઞાનું દર્શન થાય છે. શ્રીમદે એક પત્રમાં લખ્યું:

"ચમત્કાર બતાવી યોગ સિધ્ધ કરવો એ યોગીનું લક્ષણ નથી. સર્વોત્તમ યોગી એ છે કે સર્વ પ્રકારે સ્પૃહારહિત થઈને સત્યમાં અનન્ય નિષ્ઠા રાખી સર્વ પ્રકારે સત્ આચરે છે. આવા યોગી જેને જગત વિસ્મૃત થયું છે અમે એ જ ઈચ્છીએ છીએ." આ રીતે ઉત્તમ વિચારશકિત તથા તેને અનુરૂપ ઉજવળ જીવન એ શ્રીમદના પવિત્ર જીવનના અભિન્ન અંગ છે. મહાત્મા ગાંધી જેવા વૈષ્ણવજન શ્રીમદના સંસર્ગમાં આવ્યા તથા તેમનાથી પ્રભાવિત થયા તે હકીકત સૂચક છે. હીરામોતીના આ ઝવેરીએ આત્મદર્શન અને મુમુક્ષુવૃત્તિનો સદા કલ્યાણકારી માર્ગ જગતને બતાવ્યો છે. માત્ર ઓછા કે વધતા શિક્ષણથી જીવનનું ગુણાત્મક પરિવર્તન આવી શકતું નથી. આ રીતે જોઈએ તો દુનિયાની દૃષ્ટિએ અલ્પશિક્ષિત પરંતુ વાસ્તવિક જીવનમાં બહુશ્રુત એવા શ્રીમદ લંડન જઈને બેરિસ્ટર થઈ આવેલા ગાંધીના માર્ગદર્શક બની શકયા. મહર્ષિ અરવિંદ કે સ્વામી વિવેકાનંદની જેમ પ્રબળ ચિંતન અને ઉમદા જીવન થકી શ્રીમદ સમાજને ઉન્નતિની દિશા તરફ દોરી શકયા. જેના દર્શનના ઉંડાણ તથા તેની સાર્વત્રિકતા સહજ તથા સરળ રીતે શ્રીમદના લખાણો કે પદોમાં પ્રગટ થયા. દેવ દિવાળીના પાવન પર્વ ઉપર શ્રીમદ રાજચન્દ્રની જન્મજયંતિ હોવાથી તેમનું વિશેષ સ્મરણ થાય છે.

શ્રીમદ્ રાજચન્દ્ર જેવા યુગપુરુષો ક્રાંતદ્રષ્ટા હોય છે. સર્વ ધર્મોનો સમન્વય તથા સર્વ ધર્મોનું સારતત્વ તેમના વચનોમાંથી સતત પ્રગટ થતું રહે છે. "ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવા, અંતેતો હેમનું હેમ હોયે" જ્ઞાનના નીચોડરૂપે ટપકતી આવી નરસિંહ વાણી શ્રીમદના પદોમાંથી પણ પ્રગટી છે. પરંતુ આ માત્ર લખવાની વાત નથી. આ વાતનીજ પૂર્તિ કરાવે તથા અનુભૂતિને દૃઢ કરે તેવા કિસ્સાઓ તેમના રોજબરોજના જીવનમાં જોવા મળે છે. અલગ પંથ કે સંપ્રદાયના લોકોને પણ સરખાજ સ્નેહ – સન્માનથી શ્રીમદ્દે જોયા છે અને તેમને પણ ધર્મ વચનોનો લાભ કરાવ્યો છે. આથી શ્રીમદનું જીવન કોઈ ખંડોમાં વહેંચાયેલું નથી પરંતુ સર્વગ્રાહી –સર્વાશ્લેષી અભિગમ થકી તેઓ જીવ્યા છે. જન જન સુધી તેમના પદોની વાણી મારફત પહોંચ્યા છે.

ભિન્ન ભિન્ન મત દેખીએ
ભેદ દ્રષ્ટિનો એહ,
એક તત્વના મૂળમાં,
વ્યાપ્યા માનો તેહ.



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

શ્રીમદના સમગ્ર જીવન તથા વ્યવહારમાં પારાવાર કરુણતા તથા જરૂરિયાત હોય તેવા લોકોને ઉપયોગી થવાની તીવ્ર વૃત્તિ હતા. શ્રીમદના જીવનકાળ દરમિયાનજ (વિ.સં.૧૯૫૫) તેમણે કેટલાક પ્રદેશમાં અછત તથા દુષ્કાળની સ્થિતિ જોઈ ત્યારે તેમના ચિત્તમાં પરાવાર વ્યથા ઉત્પન્ન થઈ છે. મુંગા પશુઓને આ ભયાનક સ્થિતિમાંથી રાહત આપવા માટે ઘાસ તથા કપાસિયાની સુરેખ વ્યવસ્થા કરવાનું તેઓ આયોજન કરાવે છે. પોતાની અંગત મૂડી પણ સર્વપ્રથમ તે કામ માટે ઉપયોગમાં લઈને કામને વેગ આપે છે. મહાજન પરંપરાને મજબૂત બનાવવામાં આ પ્રયાસો મહત્વના પુરવાર થયા છે. ગુજરાતમાં વિકાસ પામેલી મહાજન પરંપરાનું આ એક ઉજળું ઉદાહરણ છે. સમાજના શ્રેષ્ઠીઓની જરૂરિયાતવાળા લોકો તરફની સંવેદનશીલતા એ આવી પ્રવૃત્તિ પાછળનું ચાલક બળ છે. સંવેદનશીલતાના ઉજળા ઉદાહરણ જેવું શ્રીમદનું જીવન હતું. પોતાની સેવામાં રહેલા પગારદાર માણસની માંદગીમાં પણ સેવા – સુશ્રુષા કરવાનું તેઓ ચૂકતા નથી તેના પ્રસંગો નોંધાયેલા છે. આથી ગાંધીજીએ યથાર્થ રીતે શ્રીમદને એક પ્રસંગે અંજલિ આપતાં કહેલું કે રાયચંદભાઈનો દેહ આટલી નાની ઉમ્મરે પડી ગયો તેનું કારણ તેમનું દર્દ કે બીમારી તો ખરાજ પરંતુ જગતના તાપનું શ્રીમદને રહેતું સતત સ્મરણ કે તે અંગેની વેદના એ વિશેષ કારણભૂત હશે તેમ ગાંધીજીએ કહેલું. શ્રીમદના દયાળુ સ્વભાવનું તથા તેને અનુરૂપ કર્તુત્વનું ગાંધીજીને સવિશેષ મહત્વ હતું.

પંડિત સુખલાલજીએ યથાર્થ કહેલું છે કે શ્રીમદ્ જેવી વ્યકિત ઉત્પન્ન કરવા માટે માત્ર જૈન સંસ્કૃતિ પ્રત્યેજ નહિ પરંતુ ગુજરાતની સંસ્કૃતિ પ્રત્યે પણ માથું આપમેળે નમી જાય છે. શ્રીમદના પદો ખળખળ વહેતા ઝરણાં સમાન છે. વિચારની અભિવ્યક્તિ આવી સરળ ભાષામાં કરવાની તેમની ક્ષમતા અહોભાવ ઉપજાવે તેવી છે. પોતાની અનુભૂતિ તેમણે જગતના કલ્યાણ માટે શબ્દોમાં રમતી મૂકી છે. પદોમાં રહેલી ભાવના નિરંતર પરમપદની પ્રાપ્તિ માટે રહેલી છે.

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો ?
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્પુરુષને પંથ જો ?
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?

# સાહિત્ય સભા દ્વારા માઈક્રોફિકશન સર્જન-પઠનનો કાર્યક્રમ



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

સાહિત્ય વૃત્ત

● ગાંધીનગર સાહિત્યસભા દ્વારા નવતર પ્રયોગ એક પંક્તિ ઉપરથી માઈક્રોફિકશનની રચના ગુજરાતી સાહિત્યના દરેક પ્રકારોમાં નવોદિત ખેડાણ કરી શકે તે હેતુસર; ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા અવનવા સાહિત્યિક કાર્યકર્મો કરવામાં આવે છે. અગાઉ જાહેરાત થયા મુજબ, તા. ૧૨-૧૧-૨૦૧૭ને રવિવારના રોજ સાંજે ૫.૦૦ વાગે, નમન એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૧ ખાતે, એક પંક્તિ ઉપરથી માઈક્રોફિકશન (વાર્તા) ની રચનાના પઠનનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જેમાં પંક્તિ 'આ, હું તો કરીશ જ' ઉપરથી તૈયાર કરેલી પોતાની માઈક્રોફીકશન (વાર્તા) રજૂ કરવા સાહિત્યકારોને ભાવભર્યુ જાહેર આમંત્રણ છે.

● ૧૮ ગુજરાતી સામયિકોનું 'શબ્દ ચેતના ગૌરવ' સન્માન

ગુજરાતમાં રાષ્ટ્રવાદી પ્રવૃત્તિ દ્વારા યુવાનોમાં રાષ્ટ્રભાવના જગાડવાની પ્રેરણાથી કાર્ય કરતી સંસ્થાઓ - લોકસેવા ટ્રસ્ટ; ભારતમાતા મંદિર અને સમન્વય દ્વારા છેલ્લા નવ વર્ષથી, વિવિધ ક્ષેત્રે નોંધનીય અને મહત્ત્વનું પદાર્પણ કરનાર વ્યક્તિ અને વર્ગને ખાસ ગૌરવ સન્માનથી નવાજવામાં આવે છે. આ ત્રણેય સંસ્થા દ્વારા આ વર્ષે 'સમન્વય'ના ઉપક્રમે અમદાવાદ ખાતે તા. ૧૮-૯-૨૦૧૭ના રોજ 'ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષપદે' અને ડૉ. આર.કે. શાહના અતિથિવિશેષ પદે, ગુજરાતી ભાષામાં ૫૦ વર્ષથી માંડી ૧૭૮ વર્ષથી પ્રકાશિત થતા ૧૮ સામયિકોને, તેમની સમાજને સુસંસ્કૃત કરી, જનજાગૃતિ કરવાની કામગીરી બદલ સન્માનવામાં આવ્યા હતા; જેમાં (૧) બુદ્ધિ પ્રકાશ - ૧૭૮ વર્ષ (૨) નવચેતન - ૯૬ વર્ષ (૩) કુમાર - ૯૩ વર્ષ (૪) પુસ્તકાલય - ૯૩ વર્ષ (૫) ધરતી - ૭૧ વર્ષ (૬) ગ્રામ સ્વરાજ - ૭૧ વર્ષ (૭) અખંડ આનંદ - ૭૦ વર્ષ (૮) જનકલ્યાણ - ૭૦ વર્ષ (૯) કૃષિ - ગોવિદ્યા - ૭૦ વર્ષ (૧૦) બાલમૂર્તિ - ૬૫ વર્ષ (૧૧) તમન્ના - ૬૫ (૧૨) ભૂમિપુત્ર - ૬૪ વર્ષ (૧૩) કૃષિજીવન - ૬૦ વર્ષ (૧૪) સાધના - ૬૦ વર્ષ - ૨૫૦૦૦ નકલ, (૧૫) પરબ - ૫૭ વર્ષ (૧૬) માનવ - ૫૦ વર્ષ (૧૭) સુવિચાર - ૫૦ વર્ષ (૧૮) નિરામય - ૫૦ વર્ષ - નો સમાવેશ થાય છે. આ સામયિકોને આ સન્માનની સાથે પ.પૂ. સ્વામી સત્યમિત્રાનંદજી દ્વારા રૂા. ૫૧૦૦ ની ભેટ આપીને સૌને બિરદાવ્યા હતા.

સાથે સાથે ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કરનાર ગુજરાતી વિશ્વકોશના પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ અને ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી ડૉ. વિષ્ણુભાઈ પંડ્યાને પણ 'શબ્દ ચેતના ગૌરવ' સન્માન આપવામાં આવ્યું હતું.

સમન્વય કાર્યક્રમના સંયોજક રસિકભાઈ ખમાર અને ભીમજીભાઈ નાકરાણીએ પ્રાસંકિક ઉદ્‌બોધન કર્યું હતું, આ પ્રસંગે પી.કે. લહેરી, ડૉ. વિષ્ણુ પંડ્યા, ડૉ. કુમારપાળ દેસાઈ અને પંકજ મોદી પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું અને સામયિક સંચાલનની મુશ્કેલીઓમાં પણ આજના દિવસે સંઘર્ષ કરીને પણ ચાલતાં સામયિકોને બિરદાવ્યા હતા. અને ૫૦ વર્ષથી વધુ સમયથી પ્રકાશિત આવાં સામયિકોને પ્રથમવાર સંભાળીને, નવી પહેલ કરવા બદલ 'સમન્વય'ને ધન્યવાદ પાઠવ્યા હતા.

● ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ સંચાલિત ક.લા. સ્વાધ્યાય મંદિર અંતર્ગત રમણ સોની સંપાદિત 'અવલોકન વિશ્વ' ગ્રંથ વિશે પરિચર્યા યોજાઈ ગઈ જેમાં પ્રારંભે પરિષદનાં પૂર્વે મહામંત્રી પ્રફુલ્લ રાવળે ભૂમિકા બાંધી હતી. રમણ સોનીએ સંપાદીય કેફિયત રજૂ કરી હતી. રઘુવીર ચૌધરીએ અભિભાષણમાં દેશની વિવિધ દાયકામાં લખાયેલી વૈશ્વિક અને વિશિષ્ટ નવલકથાઓનાં અવલોકનોની અને નવલકથાઓની ચર્ચા કરી હતી. સંજય ભાવેએ ગ્રંથાવલોકન કર્યું હતું. પ્રકાશન શાહે 'અવલોકન વિશ્વ' વિશે જણાવ્યું હતું. ચંદ્રકાન્ત ટોમીવાળાએ અધ્યક્ષીય પ્રવચનમાં જણાવ્યું હતું કે ગુજરાતી સાહિત્યમાં આપણું અવલોકન લૂલું અંગ છે, પણ રમણભાઈ સોનીએ તેને મજબૂત બનાવ્યું છે. આ પરિચર્યાનું સંચાલન પારૂલ કંદર્પ દેસાઈએ કર્યું હતું.

● વડોદરાની અભ્યાસસભા ગ્રંથગોષ્ઠિના ઉપક્રમે કવિ-વિવેચક વિરંચી ત્રિવેદીએ કવિ સુંદરમ્ ટેલર રચિત 'પાન પાન પર નામ તમારું' ગીત-ગઝલ સંગ્રહ વિશે આસ્વાદથી વાર્તાલાપ આપ્યો હતો. આ પ્રસંગે વિરંચી ત્રિવેદીએ કહ્યું હતું કે, આ સંગ્રહની સમગ્ર કવિતાએ પ્રેમાનુભૂતિ માટે નોખા પણામાં દર્દની જીવાતી કવિતાની ક્ષણો છે.સમાપનમાં કવિ હરીશ વટાવવાળાએ સુંદરમ્ ટેલરનાં ગીતોમાં રહેલ લયહલક અને પ્રવાહિતાની પ્રશંસા કરી હતી. સંયોજક તરીકે મોહનભાઈ બારોટે કામગીરી બજાવી હતી.

● સાહિત્ય અકાદમી, નવી દિલ્હી; ગોવા કોંકણી અકાદમી, પણજી અને ઈન્સ્ટિ. મેનેજિઝ બ્રાગાન્ઝાના સંયુક્ત ઉપક્રમે પણજી (ગોવા) ખાતે દ્વિ-દીવસીય 'પશ્ચિમ અને ઉત્તર પૂર્વી ભારતીય ભાષાઓમાં લોકસાહિત્ય' વિશે પરિસંવાદ યોજાઈ ગયો. આ પ્રસંગે અકાદમીના મંત્રી કે. નિવાસનરાવે સ્વાગત પ્રવચન કર્યું હતું. કોંકણ સાહિત્ય અકાદમીના સંયોજક તાનાજી હલામકરે ભૂમિકા બાંધી હતી. જાણીતા લોકસાહિત્યવિદ વિનાયક ખેડકેરે ઉદ્‌ઘાટન તરીકે વકતવ્ય આપ્યું હતું. પ્રથમ બેઠકમાં બળવંત જાની(સભ્ય, ગુજ. એડવાઈઝરી બોર્ડ, સાહિત્ય અકાદમી, નવી દિલ્હી)ની અધ્યક્ષતામાં અભ્યાસ લેખો રજૂ થયા હતા. મણિપુરી સાહિત્ય અકાદમીના લહેરી સીંગના અધ્યક્ષપદે મળેલી બીજી બેઠકમાં પાટલમણિ દત્તા (આસામ), પ્રણબજયોતિ નૈઝારી (બોડો), ડૉ. ભગવાનદાસ પટેલ (ગુજરાત), અને પાડુરંગ ફુલદેસાઈ (કોંકણી)એ અભ્યાસ લેખો વાંચ્યા હતા. મરાઠી એડવાઈઝરી બોર્ડના પ્રદીપ જયોતિ મોહન્તા (આસામ), ડેટસંગ સ્વર્ગીયરી (બોડો), ડૉ. બળવંત જાની (ગુજરાત) અને જયંતિ નાઈક (કોંકણ) એ 'કલ્ચરલ એક્સચેન્જ ઈન ફોકલીટરેચર-૧ વિશે અભ્યાસ લેખો વાંચ્યા હતા.'

અંતમાં કૃષ્ણ કીમ્બાડ્ણે (રિજીયોનલ સેક્રેટરી, સાહિત્ય અકાદમી, મુંબઈ) એ આભારદર્શન કર્યું હતું.

- muljibhaidadhi@gmail.com